

# ધ બર્નિંગ ટ્રેનઃ જ્યારે બોલિવૂડની ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ!




મુવિયાના

ભારતીય સિનેમાના ઈતિહાસમાં કેટલીક ફિલ્મો એવી હોય છે જે રિલીઝ વખતે ભલે થિયેટરોમાં ધૂળ ખાતી હોય, પણ વર્ષો પછી જ્યારે ટીવી પર આવે ત્યારે આખું ઘર જોવા બેસી જાય. આવી જ એક ફિલ્મ એટલે 'ધ બર્નિંગ ટ્રેન' (1980). આ ફિલ્મ બી.આર. ચોપરા અને રવિ ચોપરાનું એક એવું સપનું હતું જેણે તે સમયે બોલિવૂડની કાયાપલટ કરવાની કોશિશ કરી હતી.

વાત શરૂ થાય છે ૧૯૭૮માં. રવિ ચોપરા રોમમાં રજાઓ માણી રહ્યા હતા. ત્યાં તેમણે હોલીવૂડની ડિઝાસ્ટર ફિલ્મ 'ધ ટાવરિંગ ઈન્ફર્નો' જોઈ. ભાષા ઈટાલિયન હતી, એટલે ડાયલોગમાં તો ટપ્પો ન પડ્યો, પણ વિઝ્યુઅલ્સ જોઈને રવિભાઈના હોશ ઊડી ગયા! તેમને વિચાર આવ્યો કે જો હોલીવૂડ બિલ્ડિંગમાં આગ લગાડી શકે, તો આપણે કેમ ટ્રેનમાં ન લગાડી શકીએ? બસ, અહીંથી જન્મી ભારતની પહેલી હાઈ-બજેટ ડિઝાસ્ટર ફિલ્મની બ્લૂપ્રિન્ટ.




બી.આર. ચોપરાએ શરત મૂકી હતીઃ 'આ ફિલ્મ ત્યારે જ બનશે જો તું હોલીવૂડના ટેકનિશિયન્સને મનાવી શકે.' રવિ ચોપરા પહોંચ્યા લોસ એન્જલસ અને પોલ વઝેલ (ટાવરિંગ ઈન્ફર્નોના એક્સપર્ટ)ને ઓફર આપી. પોલે પહેલા તો ના પાડી, પણ રવિભાઈએ મસ્ત દાવ રમ્યો. તેમણે કહ્યું, 'અમેરિકામાં અદ્યતન ટેકનોલોજી સાથે તો કોઈ પણ ફિલ્મ બનાવી લે, પણ ભારતની મર્યાદિત સુવિધાઓમાં આવું કંઈક કરી બતાવો તો માનીએ!' પોલને વાત લાગી ગઈ અને તે ઈન્ડિયા આવી ગયા.

શૂટિંગ દરમિયાન એક રમૂજી કિસ્સો બન્યો. ચાલતી ટ્રેનમાં આગ બતાવવા માટે ટ્રેનના નકલી ડબ્બાને ટ્રક પાછળ બાંધીને જ હુ બીચ પર દોડાવવામાં આવતો હતો. ટ્રકમાંથી નીકળતી આગ અને ધુમાડો જોઈને આસપાસના લોકો ગભરાઈ ગયા અને કોઈએ ફાયર બ્રિગેડને ફોન કરી દીધો! શૂટિંગના સેટ પર અચાનક લાયબંબો આવી પહોંચ્યા ત્યારે ડાયરેક્ટરે માંડ સમજાવવું પડ્યું કે ભાઈ, 'આ સાચી આગ નથી, આ તો સિનેમાની માયાજળ છે!'

આ ફિલ્મ તે સમયની સૌથી મોટી મલ્ટીસ્ટારર હતી. ધર્મેન્દ્ર, વિનોદ ખન્ના, જીતેન્દ્ર, હેમા માલિની, પરવીન બાબી, નીતુ સિંહ... જાણે આખું બોલિવૂડ ટ્રેનમાં સવાર હતું! પણ એક કમી હતી -અમિતાભ બચ્ચન. રવિ ચોપરાએ 'ઝમીર'માં અમિતાભ સાથે કામ કર્યું હતું, એટલે પહેલી ઓફર તેમને જ આપી હતી, પણ બચ્ચન સાહેબ ત્યારે એટલા બિઝી હતા કે તેમણે ના પાડવી પડી. જે રોલ આજે આપણે જીતેન્દ્રના નામે ઓળખીએ છીએ, તે અમિતાભ માટે લખાયો હતો.

ફિલ્મ જ્યારે એડિટ થઈ ત્યારે તેની લંબાઈ ૪ કલાક અને ૩૦ મિનિટની હતી! કોઈ પણ દર્શક આટલી વાર ટ્રેનમાં બેસવા તૈયાર નહોતો. એટલે કાતર ચાલી. પરિણામે નવીન અને હેમા માલિનીની લવ સ્ટોરી આખેઆખી ગાયબ થઈ ગઈ. આશા સચદેવના સીન્સ કપાયા અને પરવીન બાબીની તબિયત ખરાબ હોવાને કારણે તેમનો રોલ પણ નાનો કરી દેવો પડ્યો.



આર.ડી. બર્મન એટલે કે પંચમદાએ આ ફિલ્મમાં જાદુઈ સંગીત આપ્યું હતું. 'પલ દો પલ કા સાથ હમારા' આજે પણ અંત્યાક્ષરીનું ફેવરિટ ગીત છે. ગીત 'મેરી નજર હૈ તુજ પે'માં આશાજીએ જે રીતે વેસ્ટર્ન અને ઈન્ડિયન ક્લાસિકલ શૈલીનું મિશ્રણ કર્યું છે, તે આજે પણ સંગીતપ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દે છે.

ભારતીય રેલ્વેએ શૂટિંગમાં ઘણી મદદ કરી હતી, પણ ફિલ્મ ફ્લોપ થતાં તેમને નુકસાનીની ચિંતા થઈ. જ્યારે રેલ્વેએ વળતર માંગ્યું, ત્યારે બી.આર. ચોપરાએ લાચારી વ્યક્ત કરી કારણ કે ફિલ્મ પોતાનું બજેટ પણ માંડ રિકવર કરી શકી હતી. દર્શકોને ફિલ્મ કેમ ન ગમી? કારણ કે ડિઝાસ્ટર શરૂ થતા પહેલાં તો અડધી ફિલ્મ પાત્રોના ડાન્સ અને બેકસ્ટોરીમાં જ પૂરી થઈ જતી હતી!

**આ ફિલ્મ બી.આર. ચોપરા અને રવિ ચોપરાનું એક એવું સપનું હતું જેણે તે સમયે બોલિવૂડની કાયાપલટ કરવાની કોશિશ કરી હતી**

'ધ બર્નિંગ ટ્રેન' એ સાબિત કર્યું કે માત્ર મોટા સ્ટાર્સ અને સ્પેશિયલ ઈફેક્ટ્સથી ફિલ્મ નથી ચાલતી, સ્ટોરીમાં પણ પકડ જોઈએ. છતાં, આજે પણ જ્યારે આ ફિલ્મ ટીવી પર આવે છે, ત્યારે આપણે તેટલા જ ઉત્સાહથી કહીએ છીએ -'જો જો હો, હવે ટ્રેન સળગવાની છે!'

શું તમને ખબર છે? આ ફિલ્મનો આઈડિયા ૧૯૭૮ની જાપાનીઝ ફિલ્મ 'ધ બુલેટ ટ્રેન' પરથી લેવામાં આવ્યો હતો! તમને આ ફિલ્મનો કયો સીન સૌથી વધુ ગમે છે? જરૂરથી જણાવજો! ●

---

# સ્ટુડિયોમાં રેકોર્ડ થયેલો અવાજ પડદા સુધી ક્યારેય પહોંચ્યો જ નહીં!



લેજન્ડ્સ

બોલિવૂડની ચમકતી દુનિયા જેટલી બહારથી સુંદર લાગે છે, તેની પાછળ એટલા જ રહસ્યો અને હકીકતો છુપાયેલી હોય છે. આપણે ઘણીવાર ફિલ્મી ગીતો સાંભળીએ છીએ અને તે ગાયકના અવાજમાં ખોવાઈ જઈએ છીએ, પરંતુ શું તમે જાણો છો કે તમે જે અવાજ સાંભળી રહ્યા છો, તે કદાચ તે ગીત ગાનાર પ્રથમ વ્યક્તિ નથી? જી હા, બોલિવૂડમાં 'વોઈસ રિપ્લેસમેન્ટ' એટલે કે ગાયકને બદલવાની પરંપરા દાયકાઓ જૂની છે.

૯૦ના દાયકાની શરૂઆતમાં જ્યારે મ્યુઝિક કેસેટનો જમાનો હતો, ત્યારે ટી-સીરીઝ અને ગુલશન કુમારે એક નવો અવાજ લોંચ કર્યો- બાબલા મહેતા. બાબલા મહેતાનો અવાજ સુપ્રસિદ્ધ ગાયક મુકેશજીને મળતો આવતો હતો. ૧૯૯૧માં જ્યારે આમિર ખાન અને પૂજા ભટ્ટની ફિલ્મ 'દિલ હૈ કિ માનતા નહીં' બની રહી હતી, ત્યારે તેના તમામ ગીતો શરૂઆતમાં બાબલા મહેતાના અવાજમાં રેકોર્ડ થયા હતા.

ગુલશન કુમારે પોતે એક વિડિયો સંદેશ દ્વારા બાબલા મહેતાને રજૂ કર્યા હતા. પરંતુ જ્યારે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે જનતા સ્તબ્ધ થઈ ગઈ. જે ગીતો ઓડિયો કેસેટમાં બાબલા મહેતાના હતા, તે ફિલ્મમાં કુમાર સાનુ અને અભિજીત ભટ્ટાચાર્યના અવાજમાં હતા. 'અદાએ ભી હૈ', 'તૂ પ્યાર હૈ કિસી ઓર કા' અને 'કૈસે મિજાજ આપકે હૈ' જેવા સુપરહિટ ગીતોમાં કુમાર સાનુનો અવાજ ગૂંજ્યો, જ્યારે 'દિલ તુઝપે આ ગયા'માં અભિજીતને સ્થાન મળ્યું.

આ માત્ર એક બિઝનેસ ડિસીઝન હતું. ૧૯૯૦માં 'આશિકી'ની સફળતા બાદ કુમાર સાનુ રાતોરાત સુપરસ્ટાર બની ગયા હતા. ટી-સીરીઝને લાગ્યું કે જો ફિલ્મમાં સાનુનો અવાજ હશે, તો કેસેટનું વેચાણ અને ફિલ્મની લોકપ્રિયતા ડબલ થઈ જશે. આ રમતમાં બાબલા મહેતા જેવા ટેલેન્ટેડ સિંગરનો કરિયર ગ્રાફ નીચે આવી ગયો. આજે પણ જ્યારે આપણે આ ગીતો સાંભળીએ છીએ, ત્યારે કુમાર સાનુ જ યાદ આવે છે, બાબલા મહેતાની મહેનત ક્યાંક ઈતિહાસના પાનામાં દબાઈ ગઈ છે.

**૧૯૯૦માં 'આશિકી'ની સફળતા બાદ કુમાર સાનુ રાતોરાત સુપરસ્ટાર બની ગયા હતા. ટી-સીરીઝને લાગ્યું કે જો ફિલ્મમાં સાનુનો અવાજ હશે, તો કેસેટનું વેચાણ અને ફિલ્મની લોકપ્રિયતા ડબલ થઈ જશે**

૧૯૯૩ની ફિલ્મ 'બાઝીગર' શાહરૂખ ખાનના કરિયરની ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ હતી. આ ફિલ્મનું એક ગીત 'છુપાના ભી નહીં આતા' ખૂબ જ લોકપ્રિય છે. પરંતુ આ ગીત પાછળ પણ અદલા-બદલીની એક કહાની છે. શરૂઆતમાં આ ગીત ગઝલ સમ્રાટ 'પંકજ ઉદાસ' પાસે રેકોર્ડ કરાવવામાં આવ્યું હતું. ગીતના શબ્દોમાં જે દર્દ અને ઠેરાવ હતો, તે પંકજ ઉદાસના અવાજમાં ખૂબ જ સુંદર લાગતો હતો. આ ગીત એક્ટર સિદ્ધાર્થ રે પર શૂટ કરવાનું હતું. મેકર્સને લાગ્યું કે સિદ્ધાર્થની પર્સનાલિટી સામે પંકજ ઉદાસનો અવાજ ઘણો સોફ્ટ છે.

એટલે અંતે વિનોદ રાઠોડ પાસે આ ગીત ફરીથી ડબ કરાવવામાં આવ્યું. વિનોદ રાઠોડનો ભારે અને બેઝવાળો અવાજ એક્ટરની પર્સનાલિટી સાથે વધુ મેચ થતો હતો. આ કિસ્સો દર્શાવે છે કે બોલિવૂડમાં માત્ર સૂર જ નહીં, પણ સ્ક્રીન પર અવાજ કેવો 'દેખાય' છે તે પણ મહત્ત્વનું છે. બાઝીગર ફિલ્મના સંગીતની વાત નીકળી જ છે, તો એક મોટો વિસ્ફોટ એ પણ છે કે આ ફિલ્મમાં સંગીતકાર બદલાયા હતા. શરૂઆતમાં નિર્માતા ગણેશ જૈન અને રતન જૈન તે સમયની નંબર વન જોડી નદીમ-શ્રવણને લેવા માંગતા હતા.

પરંતુ એક વિવાદે બધી બાજી બગાડી નાખી. કહેવાય છે કે નદીમ અને કાજોલની માતા તનુજા વચ્ચે કોઈ વાતને લઈને ભારે બોલાચાલી થઈ હતી. નદીમે નિર્માતાઓ સામે શરત મૂકી કે જો કાજોલને ફિલ્મમાંથી હટાવવામાં આવશે, તો જ તેઓ સંગીત આપશે. નિર્માતાઓએ એક સાહસિક નિર્ણય લીધો. તેમણે નદીમ-શ્રવણને બદલે કાજોલને પસંદ કરી. આ વિવાદને કારણે નદીમ-શ્રવણ પ્રોજેક્ટમાંથી બહાર નીકળી ગયા અને એન્ટ્રી થઈ અનુ મલિકની. અનુ મલિકે આ તકનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો અને 'યે કાલી કાલી આંખે' અને 'બાઝીગર ઓ બાઝીગર' જેવા ગીતો આપીને ઈતિહાસ રચી દીધો. ફિલ્મ 'મોહરા' (૧૯૯૪) નું ગીત 'ના કજરે કી ધાર' આજે પણ એટલું જ તાજું લાગે છે. પરંતુ આ ગીતનું સત્ય એ છે કે તે ૧૯૭૦ના દાયકામાં મહાન ગાયક મુકેશ જી દ્વારા રેકોર્ડ કરવામાં આવ્યું હતું. તે સમયે આ ગીત એક એવી ફિલ્મ માટે હતું જે ક્યારેય રિલીઝ ન થઈ શકી.

વર્ષો પછી, સંગીતકાર વિજુ શાહ (જે કલ્યાણજી-આણંદજીના પુત્ર છે) એ આ જૂની ધૂનને નવુ રૂપ આપ્યું. નિર્દેશક રાજીવ રાય પહેલા આ ગીત રાખવા માટે તૈયાર નહોતા, પણ વિજુ શાહના આગ્રહ પછી તેમણે આ ગીત સાંભળ્યું અને તેઓ માની ગયા.

આ ગીતની સૌથી રસપ્રદ વાત એ છે કે ગીતકાર ઈન્દીવર જી પોતે ભૂલી ગયા હતા કે આ ગીત તેમણે જ ૨૦ વર્ષ પહેલા લખ્યું હતું! જ્યારે તેમને આ વાત યાદ અપાવવામાં આવી, ત્યારે તેઓ પોતે આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સિંગરો દિવસ-રાત મહેનત કરીને ગીતમાં જીવ રેડે છે, પણ અંતે તે ગીત કોના નામે ઓળખાશે, તેનો નિર્ણય સ્ટુડિયોના બંધ રૂમમાં માર્કેટિંગના આધારે લેવામાં આવે છે.

બાબલા મહેતા જેવા સિંગરો જેમને એક મોટું પ્લેટફોર્મ મળવું જોઈતું હતું, તેઓ માત્ર રિપ્લેસમેન્ટના શિકાર બનીને રહી ગયા. બોલિવૂડના આ 'અનટોલ્ડ' કિસ્સાઓ આપણને શીખવે છે કે સફળતા પાછળ હંમેશા માત્ર પ્રતિભા જ નથી હોતી, ક્યારેક કોઈકની છીનવાયેલી તક પણ હોય છે. આવતી વખતે જ્યારે તમે 'તૂ પ્યાર હૈ કિસી ઓર કા' સાંભળો, ત્યારે એક ક્ષણ માટે બાબલા મહેતાના તે મધુર અવાજને જરૂર યાદ કરજો જે કદાચ આજે ક્યાંક ખોવાઈ ગયો છે. ●

---

# વિવાદ બન્યો માર્કેટિંગ માસ્ટરસ્ટ્રોક: 'મુન્ની બદનામ હુઈ'

ગીતો એ બોલિવૂડ ફિલ્મોનો મુખ્ય પાયો છે. બોલિવૂડના ઈતિહાસમાં અમુક ગીતો એવા હોય છે જે માત્ર ચાર્ટબસ્ટર નથી બનતા, પરંતુ એક આખું 'કલ્ચરલ ફિનોમિનન' બની જાય છે. ૨૦૧૦માં આવેલી ફિલ્મ 'દબંગ'નું ગીત 'મુન્ની બદનામ હુઈ' આવું જ એક ગીત હતું. સલમાન ખાનની સ્ટાઈલ અને મલાઈકા અરોરાના લચકદાર ડાન્સ સ્ટેપ્સે આખા દેશને ઘેલું લગાડ્યું હતું.

પરંતુ, શું તમને ખબર છે કે આ ગીત પાછળ એક લાંબી કાનૂની લડાઈ અને એક રસપ્રદ સર્જનાત્મક પ્રક્રિયા છુપાયેલી છે? ચાલો જાણીએ આ આઈટમ નંબર બનવા પાછળની આખી સ્ટોરી.

ઘણાને લાગે છે કે આ ગીત તદ્દન નવું હતું, પરંતુ હકીકતમાં 'મુન્ની બદનામ હુઈ'ના મૂળ ઉત્તર પ્રદેશ અને બિહારના લોકગીતોમાં રહેલા છે. વર્ષોથી ગ્રામીણ વિસ્તારોમાં લગ્નપ્રસંગોમાં 'લડકા બદનામ હુઆ નસીબ તેરે લિયે' અથવા 'મુન્ની બદનામ હુઈ' જેવી પંક્તિઓ ગવાતી હતી.

ફિલ્મ 'દબંગ'ના મ્યૂઝિક ડાયરેક્ટર લલિત પંડિતે આ લોકધૂનને પકડી અને તેને આધુનિક બીટ્સ સાથે જોડી એક ગીતને લોકપ્રિય બનાવ્યું. ગીતની રચના પાછળનો હેતુ ચુલબુલ પાંડેના યુપી-બિહારના રગ-રગમાં વસેલા દેશી અંદાજને પડદા પર ઉતારવાનો હતો.

આ ગીતની સૌથી પ્રખ્યાત લાઈન છેઃ 'મૈં ઝંડુ બામ હુઈ, ડાર્લિંગ તેરે લિયે'. જ્યારે આ ગીત રિલીઝ થયું, ત્યારે તે જોરદાર હિટ ગયું, પરંતુ તેની સાથે એક મોટી મુસીબત પણ આવી.

ઈમામી લિમિટેડ (જે ઝંડુ બામ બનાવે છે) એ ફિલ્મમેકર્સ પર કેસ દાખલ કર્યો. તેમનો તર્ક હતો કે ગીતમાં તેમના બ્રૅન્ડ નેમનો ઉપયોગ તેમની પરવાનગી વગર કરવામાં આવ્યો છે, જેનાથી બ્રૅન્ડની છબી ખરડાય છે. આ વિવાદ એટલો વધ્યો કે મામલો કોર્ટ સુધી પહોંચ્યો.

જોકે, આ વિવાદનો અંત ખૂબ જ સુખદ અને વ્યાપારીક રીતે ફાયદાકારક રહ્યો. ઈમામી કંપનીને સમજાયું કે આ ગીતને કારણે 'ઝંડુ બામ'નું નામ દરેક નાના બાળકના મોઢે ચડી ગયું છે. અંતે, બંને પક્ષો વચ્ચે સમાધાન થયું અને મલાઈકા અરોરા પોતે ઝંડુ બામની બ્રૅન્ડ એમ્બેસેડર બની ગઈ! જે વિવાદ કોર્ટમાં શરૂ થયો હતો, તે માર્કેટિંગના એક માસ્ટરસ્ટ્રોકમાં ફેરવાઈ ગયો. 'મુન્ની બદનામ હુઈ' ગીતના રિલીઝ પછી પાકિસ્તાનમાંથી પણ અવાજ ઉઠ્યો હતો. ૧૯૯૨ની પાકિસ્તાની ફિલ્મ 'મિસ્ટર ચાર્લી'માં એક ગીત હતું - 'લડકા બદનામ હુઆ હસીના તેરે લિયે'. આ ગીતના કમ્પોઝર અને ગાયક ઉમર શરીફ હતા. ઘણા વિવેચકોએ દાવો કર્યો કે લલિત પંડિતે આ ગીતની ધૂન ત્યાંથી ચોરી છે.

જોકે, લલિત પંડિતે હંમેશા એમ જ કહ્યું કે આ એક પરંપરાગત લોકધૂન છે જેનો ઉપયોગ દાયકાઓથી થતો આવ્યો છે.

આ ગીતની સફળતામાં મલાઈકા અરોરાના ડાન્સ સ્ટેપ છે. તે સમયે મલાઈકા 'છૈયા છૈયા' પછી ફરી એકવાર પડદા પર આગ લગાડવા તૈયાર હતી. ગીતની કોરિયોગ્રાફી ફરાહ ખાને કરી હતી. સલમાન ખાનનો બેલ્ટ હલાવવાનો સ્ટેપ અને મલાઈકાની અદાકારીએ આ ગીતને વિઝ્યુઅલી આઈકોનિક બનાવ્યું.

શૂટિંગ દરમિયાન સલમાન ખાને પોતે ઘણા ઈનપુટ્સ આપ્યા હતા. ચુલબુલ પાંડેનો તે બિન્દાસ્ત અંદાજ ગીતમાં દેખાય તે માટે સેટ પર ખૂબ જ મસ્તીભર્યું વાતાવરણ રાખવામાં આવ્યું હતું.

'મુન્ની બદનામ હુઈ' એ તે વર્ષના તમામ એવોર્ડ્સ જીત્યા. ગીતની સિંગર મમતા શર્મા રાતોરાત સ્ટાર બની ગઈ. આ ગીતે બોલિવૂડમાં ફરી એકવાર 'દેશી આઈટમ સોંગ્સ'નો ટ્રેન્ડ પાછો લાવ્યો, જેની પાછળ પછી 'શીલા કી જવાની' અને 'ચિકની ચમેલી' જેવા ગીતો આવ્યા.

ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં પણ આ ગીતે સ્થાન મેળવ્યું હતું, જ્યારે ૧૨૦૦ થી વધુ લોકોએ મુંબઈમાં એકસાથે આ ગીત પર ડાન્સ કર્યો હતો.

મુન્ની બદનામ હુઈ' ગીત લોક સંગીત, વિવાદ અને ગ્લેમર મળીને ઈતિહાસ રચે છે. આજે પણ જ્યારે લગ્ન કે પાર્ટીમાં આ ગીત વાગે છે, ત્યારે લોકો નાચવા લાગે છે. ●



પરદે કે પીછે

**ઘણાને લાગે છે કે આ ગીત તદ્દન નવું હતું, પરંતુ હકીકતમાં 'મુન્ની બદનામ હુઈ'ના મૂળ ઉત્તર પ્રદેશ અને બિહારના લોકગીતોમાં રહેલા છે**